## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વૈષ્ણવજન વાળુ ભજન વગાડો પરંતુ, 'નિંદા ન કરે કોઈની રે...' એ પંક્તિ ન ગાતા, અમારે લોકોના હિતમાં વિપક્ષની નિંદા તો કરવી જ પડે...

# મુખ્યમંત્રીશ્રીની મુંબઈમાં ઉદ્યોગકારો સાથે વન ટુ વન બેઠક

## ગિફ્ટ સિટી હવે ગ્લોબલ ફાયનાન્સિયલ હબ બન્યું છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની જાન્યુઆરી-૨૦૧૯ માં યોજાનારી નવમી કડીની પુર્વ તૈયારીરૂપે મુંબઈમાં પ્રતિષ્ઠિત વેપાર-ઉદ્યોગ-સંચાલકો સાથે વન ટુ વન બેઠકનો દૌર યોજયો હતો.

આ બેઠકના પ્રથમ તબક્કામાં ટાટા સન્સ લિમિટેડ, આર પી જી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ, હીરાનંદાની ગ્રુપ, યુનાઈટેડ ફોસફરસ લીમીટેડ, વેલ્સ્પુન લીમીટેડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને એબોટ્ટના સંચાલકોએ મળીને ગુજરાતમાં તેમના પ્રોજેક્ટના ભાવિ રોકાણો માટે ફળદાયી પરામર્શ કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી સાથે રીયાલન્સ ઈન્ડસ્ટ્રીઝના નીખીલ મેશવાનીએ પણ વન ટુ વન બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીએ તેમને આગામી વાયબ્રન્ટ સમિટમાં સહભાગી થવા નિમંત્રણ આપવા સાથે રોકાણોને વાસ્તવિક સ્વરૂપ આપવા અનુરોધ કર્યો હતો.

ગુજરાતમાં આગામી ડિસેમ્બર માસમાં દહેજ કચ્છ દ્વારકા સોમનાથ ભાવનગર અને પીપાવાવ એમ છ સ્થળોએ ૧૦૦ એમ.એલ.ડીના ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા માટેની ટેન્ડર પ્રકિયા શરૂ કરાશે.

સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં પીવાના પાણીની સમસ્યાના હલ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્લાન્ટ પીપીપી ધોરણે સ્થાપવાની દિશામાં મુંબઈમાં વન ટુ વન બેઠકમાં દિશા નિર્દેશ આપ્યો હતો.

### ડીસેમ્બર-૨૦૧૮ માં રાજયમાં ૧૦૦ એમ-એલ-ડીના છ ડીસેલીનેશન પ્લાન્ટ પી-પી-પી ધોરણે શરૂ કરવાના ટેન્ડરો આખરી કરાશે




ગિફ્ટ સિટી હવે ગ્લોબલ ફાયનાન્સિયલ હબ બન્યું છે ત્યારે આ સંચાલકો પોતાના રોકાણ અને કારોબાર ત્યાં શરૂ કરે તે માટે પણ વિજય ભાઈ એ ચર્ચા વિમર્શ કર્યો હતો.

શ્રી વિજયભાઈએ ગુજરાત આંતરમાળખાકીય સુવિધાઓમાં દેશનું અગ્રણી રાજ્ય છે, તેનો વ્યાપક લાભ લેવા પણ આ ઉદ્યોગકારો ને સૂચવ્યું હતું. તેમણે ડિફેન્સ સેક્ટર અને એરો સ્પેસ સેકટરમાં પણ ગુજરાતમાં રોકાણની તકોની સંભાવનાઓ અંગે પણ વાતચીત કરી હતી.

સનફાર્માના શ્રી દિલીપ સંઘવીએ પણ મુખ્યમંત્રી સાથેની બેઠકમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં રીન્યુએબલ એનર્જીના ઉપયોગ અંગે વિશદ પરામર્શ કર્યો હતો.

## ડભોડા પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા ઝુંબેશ



ચિલોડા, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં તમામ પોલીસ સ્ટેશનોમાં રવિવારે સ્વચ્છતા એજ સેવા અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. ડભોડા પોલીસ સ્ટેશનમાં દિવસભર ૩૫થી વધુ પોલીસકર્મીઓએ સ્વચ્છતા અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોલીસમથકના પીએસઆઈ એચ.જી. દેસાઈ, રા.હે.કો. વિષ્ણુભાઈ ચૌધરી, પો.કો. રાઈટર ભરતભાઈ દેસાઈ સહિત તમામ સ્ટાફ ઉપરાંત ડભોડા હોમ ગાર્ડઝ યુનિટના જવાનોએ પોલીસ સ્ટેશનના મેદાનમાં નકામું ઉગેલું ઘાસ તથા અસ્તવ્યસ્ત પડેલા વાહનોની આજુબાજુ સુવ્યવસ્થા કરી સ્વચ્છતા કરવામાં આવી હતી. ડભોડા ગ્રામ પંચાયતના ટ્રેકટર દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

## સંવિધાન રક્ષાના શપથ

સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા પંચાયત ખાતે તમામ કર્મચારીઓએ પ્રતિજ્ઞા વાંચન કરી શપથ લીધા હતા તેની તસવીર. જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી પંડ્યાએ કર્મચારીઓને સંવિધાનની રક્ષા સાથે દેશની એકતા અને અખંડિતતાને જાળવી રાખવાના શપથ લીધા હતા.




## બુધવારે શહેર કોંગ્રેસનું સ્નેહમિલન પ્રદેશ પ્રમુખની હાજરીમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા બુધવારે આંબેડકર હોલ ખાતે યોજવામાં આવેલ છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહના જણાવ્યા મુજબ બપોરે ૩.૩૦ કલાકે આ સ્નેહમિલન કાર્યક્રમ શરૂ થશે.

આ સ્નેહમિલન સમારોહમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, ગુજરાતના પ્રભારી જીતેન્દ્ર બધેલજી, ગાંધીનગર શહેરના પ્રદેશ હોદેદારો તેમજ પ્રદેશના નિરીક્ષકો હાજરી આપશે.

આ સ્નેહમિલન સમારોહમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા ઉપરાંત શહેર કોંગ્રેસ સમિતિના વિવિધ સેલના ચેરમેનો, કારોબારી સભ્યો, કાઉન્સીલરો સહિત પક્ષની વિચારધારામાં માનતા આગેવાન નાગરિકો પણ જોડાશે.

# લોકરક્ષક ઉમેદવારો માટે ૨૯ શહેરોમાં લેખિત પરીક્ષાનું આયોજન

### રાજય પોલીસ દળમાં લોકરક્ષક ભરતીમાં સરકાર દ્વારા ૩૫૨૪ ખાલી જગ્યાઓનો વધારો : કુલ ૯૭૧૩ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૬

લોકરક્ષક ભરતી બોર્ડ-૨૦૧૮ અને રક્ષા શકિત યુનિવર્સિટી, ગુજરાત રાજય, તેમજ રાજય પોલીસ દળમાં લોકરક્ષક કેડરની વર્ગ-૩ સંવર્ગની લેખિત પરીક્ષા તા.૦૨/૧૨/૨૦૧૮ (રવિવાર) બપોરના કલાકઃ ૧૫.૦૦ થી ૧૬.૦૦ દરમ્યાન યોજનાર છે. જેમાં કુલઃ ૮,૭૬,૩૫૬ ઉમેદવારો હાજર રહેનાર છે, કુલ-૨૯ શહેર/જીલ્લા ખાતે ૨,૪૪૦ શાળા/કોલેજો ખાતે ૨૯,૨૦૦ બ્લોક (રૂમ) જે તમામ બ્લોકમાં સીસીટીવી કેમેરા કાર્યરત રાખવામાં આવેલ છે. તેમજ પરીક્ષાના સાહીત્ય માટે જે સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવેલ છે ત્યાં સીસીટીવી કેમેરા અને ૨૪ કલાક હથિયારી ગાર્ડ તૈનાત રહેશે.

આ ભરતીમાં હાજર રહેનાર તમામ ઉમેદવારોના બાયોમેટ્રીક રજીસ્ટ્રેશન અને ફોટો લેવામાં આવશે. આ ઉપરાંત તમામ શાળા/કોલેજો ખાતે વિડીયોગ્રાફી પણ કરવામાં આવશે.

ભરતી બોર્ડ દ્વારા તા.૧૫/૦૮/૨૦૧૮ નારોજ જાહેરાતમાં કુલઃ ૬૧૮૯ ખાલી જગ્યાઓ દર્શાવવામાં આવેલ જેમાં સરકારશ્રી દ્વારા કુલઃ ૩૫૨૪ ખાલી જગ્યાઓનો વધારો કરવામાં આવેલ હોઈ જેથી હવે ચાલુ ભરતીમાં કુલઃ ૯૭૧૩ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. આ લેખિત પરીક્ષાની સમગ્ર ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગના સંકલન અને સહયોગથી હાથ ધરવામાં આવેલ છે.

## શહેરની પ્રા. શાળાના શિક્ષકોની આંતર બદલી માટે આજે કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરની વિવિધ પ્રા. શાળાઓમાં ખાલી પડેલી જગ્યાઓ પર આંતરિક બદલી માટેનો એક કેમ્પ આજે સવારે નવ વાગે સે. ૬ની પ્રા. શાળા ખાતે યોજવામાં આવેલ છે.

મળતી વિગતો મુજબ શહેરની વિવિધ શાળાઓમાં હાલ ૧૪ જેટલી જગ્યાઓ ખાલી પડી છે અને તેને લઈ આંતરિક બદલી માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

સે. ૩ની પ્રા. શાળામાંથી ૪ શિક્ષકોએ એક સાથે બદલીની માંગ કરતાં શૈક્ષણિક જગતમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. જે સેકટરોમાં જગ્યાઓ ખાલી છે તેમાં સે. ૬, ફતેપુરા, ઈન્દ્રોડા, ધોળાકુવા, ગોકુલપુરા, સે. ૨૨, નવા બોરીજપરા, સે. ૧૬ અને સે. ૨૧ની પ્રા. શાળાનો સમાવેશ થાય છે.

શહેરમાં પ્રા. શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે તંત્ર આગ્રહી બન્યુ છે અને એટલે જ આ આંતરિક બદલી માટેની મંજૂરી આપવામાં આવી હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં હાલ સરકાર હસ્તકની ૩૨ શાળાઓ કાર્યરત છે તે પણ નોંધનીય છે.

દરમ્યાન શહેરમાં શિક્ષકોની ઘટ કેવી રીતે સરભર કરવી તે માટે પણ ઉચ્ચસ્તરે વિચારણા ચાલી રહી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



## ''બર્ન ધ સ્ટેજ'' નિહાળી બીટીએસ આર્મીઝ ઉત્સાહિત

એવું કહેવાય છે કે સંગીતને કોઈ સિમાડા નડતા નથી. દક્ષિણ કોરિયન બેન્ડ બીટીએસે આ ઉક્તિ સાચી ઠેરવી છે જેના સમગ્ર વિશ્વમાં કરોડો ચાહકો છે. આ બેન્ડના સંઘર્ષને આવરી લેતી કહાની એક ડૉક્યુમેન્ટરી ફિલ્મ ''બર્ન ધ સ્ટેજ''માં વણી લેવાઈ છે જે ફિલ્મ પણ વિશ્વભરમાં સુપ્રસિદ્ધ બની છે. ભારતમાં પ્રથમવાર આ ડૉક્યુમેન્ટરી આઈનોક્સ દ્વારા ફિલ્મ પ્રદર્શિત કરાઈ હતી જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે. આ ફિલ્મ નિહાળવા ગાંધીનગર તથા અમદાવાદ ખાતેના બીટીએસના ફેન્સ જેઓ ''આર્મીઝ'' તરીકે ઓળખાય છે તેઓ ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે આર્મીઝે સેક્ટર-૧૬માં આઈનોક્સ થીએટરના મેનેજરનું આ ફિલ્મ પ્રદર્શિત કરવા સન્માન કર્યુ હતુ અને તમામ ''આર્મીઝે'' આ પ્રસંગને ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. આ ઉજવણીનું આયોજન રૂચા ટાટુ, એશ્વર્યા કુરૂપ, અંબિલી પુન્નથ તથા ઉન્નતિ પટેલ નાયક આર્મીઝ દ્વારા કરાયું હતું.

# વાઈબ્રન્ટ સમિટ એક વૈશ્વિક મંચ બની છે : મુખ્યમંત્રી

### વાણિજ્ય પાટનગર મુંબઈમાં રૂપાણીની ચર્ચા : મુંબઈ દેશનું વાણિજ્ય પાટનગર બન્યુ છે, ગુજરાત દેશનું મેન્યુફેક્ચરિંગ હબ

અમદાવાદ,તા.૨૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ હવે ઈન્કલુઝિવ ગ્રોથથી આગળ વધીને ગ્લોબલ ચેલેન્જના મંથન-સમાધાન માટેનું એક વૈશ્વિક મંચ બની ગઈ છે. મુખ્યમંત્રીએ ગુજરાતની આગવી વૈશ્વિક ઓળખ સમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની નવમી કડી ૨૦૧૯માં યોજાશે તે પુર્વે મુંબઈમાં ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓ સાથે કર્ટેઈન રેઈઝર ઈન્ટરેકટીવ મીટ યોજી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતે માત્ર ઔદ્યોગિક વિકાસ જ નહી પરંતુ ફાયનાન્સિયલ સર્વિસિસ, એરોસ્પેસ, ડીફેન્સ, ઈલેકટ્રોનિકસ અને લોજીસ્ટીકસ તેમજ મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ક્ષેત્રે પણ રોજગાર સર્જનથી સર્વગ્રાહી વિકાસનો છેવાડાના માનવીને લાભ મળે તેવી ઈકો સીસ્ટમ ઊભી કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ન્યુ ઈન્ડિયાના વિઝનને પાર પાડીને શેપિંગ એ ન્યુ ઈન્ડિયાની થીમ સાથે યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯ ના માધ્યમથી ગુજરાત ઈન્કલુઝીવ ગ્રોથનું મોડેલ દેશને પુરૂ પાડશે. વિજય રૂપાણીએ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ પુર્વે યોજાયેલો આ રોડ શો ગુજરાત-મહારાષ્ટ્રના પરસ્પરના સંબધોને નવી ઉંચાઈ આપશે, તેમ જણાવતાં કહ્યું કે, મુંબઈ આર્થિક રાજધાની છે તો ગુજરાત ભારતના મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પ્રસિદ્ધ છે. ઔદ્યોગિક ઉત્પાદન, પોર્ટસ એન્ડ મેરિટાઈમ, ફાઈનાન્સિયલ સર્વિસિસ અને પર્યટનમાં બન્ને રાજ્યોએ શાનદાર સિદ્ધિઓ મેળવી છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૧૯૬૦માં ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ પડ્યાં ત્યારે ગુજરાતને આગળ ધપવા માટે ઘણા ભૌગોલિક અને આર્થિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. એ વખતે અમારી સમક્ષ ઉજ્જડ જમીન, પાણીની અછત, મર્યાદિત ઉદ્યોગો અને ઘણી આર્થિક સમસ્યાઓ હતી. તેમણે ઉમેર્યુ કે, ગુજરાતે મહેનત, સાહસિકતા, પ્રગતિશીલ શાસન વ્યવસ્થા, ડાયનેમિક નીતિઓ અને સમર્પિત નેતૃત્વ વડે વિકાસની નવી પરિભાષા લખી અને હવે તો મા ભારતીના બે પુત્ર—મહારાષ્ટ્ર અને ગુજરાત આજે ભારતના આર્થિક બેકબોન બન્યા છે.



મુખ્યમંત્રીએ ગુજરાતના આગવા વિકાસની વિશદ ભુમિકા આપતાં કહ્યું કે, કોઈ પણ રાજ્ય કે દેશના વિકાસ માટે વ્યાપારને અનુકૂળ નીતિઓ જરૂરી છે, એ ઉપરાંત વ્યાપારને અનુકૂળ માહોલ પણ આપવો પડે છે. તો જ સર્વાંગી વિકાસ શક્ય બને. ગુજરાત વેપાર કરનારો, વેપાર શીખવનારો અને વેપારને જીવી જાણનારો પ્રદેશ છે.

# ગાંધીનગરની ''વિશેષ'' સંસ્થાને રાષ્ટ્રીયકક્ષાએ ''બેસ્ટ સોશ્યલ સ્કૂલ''નો એવોર્ડ

### બેંગ્લુરૂ ખાતે નેશનલ સીએસઆર સમિટમાં ''બેસ્ટ એનજીઓ એક્સેલન્સ એવોર્ડ''થી સન્માનવામાં આવી : લર્નિંગ ડિસેબિલીટી સહિત આંશિક દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે ''વિશેષ'' કાર્યરત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની દિવ્યાંગ બાળકોના શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા ''વિશેષ-સ્પેશિયલ એજ્યુકેશન ફોર ડિફરન્ટલી એબલ્ડ ચિલ્ડ્રન્સ''ને વર્ષ-૨૦૧૮માં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય ક્ષેત્રે ''શ્રેષ્ઠ સામાજિક શાળા'' તરીકે સન્માનવામાં આવી છે. ગત તા. ૨૪મી નવેમ્બરના રોજ બેંગ્લુરૂ ખાતે યોજાયેલા નેશનલ સીએસઆર એવોર્ડ કાર્યક્રમમાં આ સન્માન ''વિશેષ''ના પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાયે સ્વીકાર્યુ હતુ.




રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા એનજીઓને આવરી લેતી ૩જી એનજીઓ સીએસઆર સમિટ ૨૦૧૮ બેંગ્લુરૂ ખાતે યોજાઈ હતી. જેમાં ભારત સહિત એશિયામાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ સમિટમાં સામાજિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરતી સંસ્થાઓને ''નેશનલ એનજીઓ એક્સેલન્સ એવોર્ડ-૨૦૧૮'' તેમજ ''નેશનલ સીએસઆર એવોર્ડ-૨૦૧૮''થી સન્માનવામાં આવી હતી. આ સમિટમાં ગાંધીનગરની ''વિશેષ'' સંસ્થાને ''બેસ્ટ એનજીઓ એક્સેલન્સ એવોર્ડ-૨૦૧૮''થી સન્માનિત કરવામાં આવી હતી. આ એવોર્ડ ''વિશેષ'' સંસ્થાના પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાયને એનાયત કરાયો હતો. વિશેષ સંસ્થાને આ સમિટમાં ''બેસ્ટ સોશ્યલ સ્કૂલ'' તરીકે પણ નવાજવામાં આવી હતી. ''વિશેષ'' સંસ્થાને મળેલા આ સન્માનને કારણે ગાંધીનગર તથા ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ પ્રાપ્ત થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ''વિશેષ'' સંસ્થાની સ્કૂલ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કાર્યરત છે અને આ સ્કૂલમાં લર્નિંગ ડિસેબિલીટી ધરાવતા બાળકો, હાયરએક્ટિવ અથવા આંશિક દિવ્યાંગતા ધરાવતા બાળકોને ઓક્યુપેશનલ થેરેપી, સ્ટીચ એન્ડ હિયરીંગ સોલ્યુશન, કાઉન્સેલિંગ તથા રેમિડલ એજ્યુકેશન વગેરે થકી સિક્ષણ પુરૂ પાડવા સાથે તેમની ડિસેબિલીટીમાંથી બહાર આવવા અને મુખ્ય પ્રવાહ સાથે જોડવા પ્રયાસ કરવામાં આવે છે. આ માટે પેરેન્ટ કાઉન્સિલીંગ, બિહેવિયર થેરેપી, એનઆઈઓએસ સિલેબસ સાથે સ્પેશિયલ એજ્યુકેશન, એડીએચડી એસેસમેન્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. હાલ આ સંસ્થામાં ગાંધીનગર, અમદાવાદ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના ૩૫ જેટલાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યાં છે.



ગાંધીનગર શહેરના સરકીટ હાઉસ ખાતે તાજેતરમાં બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લાના કાર્યકરોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ પ્રભારી છક્કરામજી, પ્રદેશ મહામંત્રી ત્રિભોવનભાઈ વાઘેલા, ઝોનલ કોર્ડીનેટર કે.ડી. પરમાર, પ્રદિપભાઈ પરમાર, જિલ્લા પ્રભારી પ્રવિણ વાઘેલા, ગણેશભાઈ વાઘેલા, જિલ્લા મંત્રી રણજીત પરમાર, શહેર પ્રમુખ તુષાર પરમાર, દિપરાજ મહેશ સહિત પાર્ટીના હોદેદારો, આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને આયોજન તેમજ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## જસદણ પેટા ચૂંટણી માટેનું જાહેરનામું જારી કરી દેવાયું

ગાંધીનગર,તા.૨૬

જસદણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે તખ્તો તૈયાર થઇ ગયો છે. આજે જાહેરનામુ જારી કરવામાં આવતા ચૂંટણી કવાયત તીવ્ર બની ગઈ છે. ઉમેદવારીપત્રો ત્રીજી ડિસેમ્બર સુધી ભરી શકાશે. ૨૦મી ડિસેમ્બરે મતદાન થશે. મતદાનમાં સંપૂર્ણપણે ઈવીએમ અને વીવીપેટનો ઉપયોગ કરાશે. પેટાચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે પ્રતિષ્ઠિત બની ગઈ છે. ૭૨-જસદણ વિધાનસભાના સભ્ય કુંવરજીભાઈ બાવળીયાએ રાજીનામું આપતા ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી તા.૨૦મી ડિસેમ્બર-૨૦૧૮ને ગુરૂવારના રોજ યોજવાનું ભારતના ચૂંટણી પંચે નક્કી કર્યુ છે. મતગણતરી તા.૨૩મી ડિસેમ્બરે યોજાશે, એમ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ.એસ. મુરલીક્રિષ્ણા દ્વારા જણાવાયું છે.

તેમણે ઉમેર્યુ કે, જસદણ વિધાનસભાની પેટા ચૂંટણી દરમિયાન મતદાન માટે ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન તથા વીવીપીએટીનો ઉપયોગ કરાશે.